ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# આજે રાજ્યનું અંદાજપત્ર

## ગુજરાતના ૨૦૧૯-૨૦ના બજેટનું કદ વધશે : રાજ્ય વિધાનસભાના બજેટ સત્રનો પ્રારંભ, ૨૦ બેઠકો મળશે અને સત્ર ૨૫મી જુલાઇએ પૂર્ણ થશે, કોંગ્રેસનો તોફાની દેખાવ રહેશે

ગાંધીનગર, તા.૧

ગુજરાત સરકારનું ૨૦૧૯-૨૦નું સામાન્ય અંદાજપત્ર (બજેટ) બીજી જુલાઈએ વિધાનસભામાં રજૂ થશે. રાજ્યના નાણામંત્રી નિતીન પટેલ લેખાનુદાન પછી સંપૂર્ણ બજેટ રજૂ કરશે. ગયા ફેબ્રુઆરીમાં તેમણે ૬૪000



ફાઈલ ફોટો

કરોડનું લેખાનુદાન લીધું હતું જે ચાર મહિના માટે હતું હવે રજૂ થનારા બજેટમાં બાકીના આઠ મહિનાના ખર્ચની દરખાસ્તો મૂકવામાં આવશે. આ સાથે નવી યોજનાઓ તેમજ બજેટની વિભાગીય ફાળવણી કરવામાં આવશે.

લેખાનુંદાન પછી રજૂ થનારા બજેટનું કદ બે લાખ કરોડ થવાનો અંદાજ રાખવામાં આવ્યો છે. નાણા વિભાગના સૂત્રોએ કહ્યું હતું કે સરકાર રાજ્યની સાડા છ કરોડની જનતા માટે બજેટમાં નવી યોજનાઓ જાહેર કરી શકે છે. એ સાથે જીએસટી સિવાયના કરવેરામાં સુધારા કરે તેવી સંભાવના છે. આ બજેટ સત્રમાં સરકારી વિધેયકો રજૂ કરવામાં આવશે. ૨૫મી જુલાઈએ સત્રની સમાપ્તિ થશે ત્યારે સત્ર દરમ્યાન કુલ ૨૦ બેઠકો યોજવામાં આવશે.

૧૪મી વિધાનસભાના સત્રમાં વિપક્ષ કોંગ્રેસ રાજ્યના પ્રશ્નો, બેકારી, મોંઘવારી, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ સરકારના વિભાગોમાં સર્જાયેલા કૌંભાંડો બાબતે બજેટ સત્રને તોફાની બનાવે તેવી શક્યતા હોવાથી વિધાનસભા પટાંગણમાં અને ગાંધીનગરમાં પોલીસનો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે સત્ર દરમ્યાન બિન સરકારી કામકાજ ત્રણ દિવસ ચાલશે, અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ચાર દિવસ ચાલશે, વિભાગવાર માંગણીઓ ઉપરની ચર્ચા બાર દિવસ ચાલશે અને છેલ્લા દિવસનો પ્રસ્તાવ પણ હાથ ધરવામાં આવશે. રાજ્ય વિધાનસભામાં ભાજપની સંખ્યા ૧૦૦ સભ્યોની છે જ્યારે કોંગ્રેસ પાસે ૭૧ સભ્યોનું સંખ્યાબળ છે. હાલ સાત બેઠકો ખાલી છે.

રાજ્યના નાણામંત્રી નિતીન પટેલે ગયા વર્ષે ૧.૮૩ લાખ કરોડનું બજેટ રજૂ કર્યું હતું જેમાં લોકસભાની ચૂંટણી હોવાથી કોઈજાતના કરવેરા નાંખવામાં આવ્યા ન હતા. એટલું જ નહીં કોઈ કર રાહતો આપવામાં આવી ન હતી, માત્ર વિદેશી દારૂ મોંઘો કરવામાં આવ્યો હતો. આ વખતે ફેબ્રુઆરીમાં નિતીન પટેલે લેખાનુદાન રજૂ કર્યું હતું. લેખાનુદાનમાં નાણામંત્રીએ કૃષિ, જળસંસાધન, આરોગ્ય, મહિલા સશક્તિકરણ, શિક્ષણ, સામાજીક વિકાસ, કાયદો અને વ્યવસ્થા તેમજ નર્મદા વિકાસ પર વધારે ભાર મૂક્યો હતો.

ગુજરાતમાં એપ્રિલ-મે મહિનામાં લોકસભાની ચૂંટણી હોવાથી રાજ્ય સરકારે ગયા ફેબ્રુઆરી મહિનામાં ચાર મહિના માટેનું લેખાનુદાન રજૂ કર્યું હતું જેમાં ગરીબો, આદિવાસીઓ, ખેડૂતો અને અન્ય વર્ગની જનતાને ફાયદો કરાવ્યો હતો. મહત્વની જાહેરાતમાં મા અને મા વાત્સલ્ય યોજના હેઠળ બીજા ૧૫ લાખ પરિવારોને લાભ આપવા આવકની મર્યાદામાં વધારો કર્યો હતો.

નિતીન પટેલે ૨૦૧૯-૨૦ ના લેખાનુદાનમાં બજેટનું કદ ૧,૯૧,૮૧૭ કરોડ રાખ્યું હતું અને ચાર માસના ખર્ચ પેટે ૬૩,૯૩૯ કરોડનું લેખાનુદાન વિધાનસભામાં રજૂ કર્યું હતું. ૨૦૧૯-૨૦ દરમિયાન ૧૫૪૮૮૯૫.૦૦ કરોડની મહેસૂલી આવક અને ૧૪૫૦૨૨.૪૦ કરોડના ખર્ચનો અંદાજ રજૂ કર્યો હતો. એ સમયે નાણાં મંત્રી નીતિન પટેલે કહ્યું હતું કે નવી યોજનાઓ અને તેના આયોજન સાથેના ખર્ચની વિગતો જુલાઈમાં રજૂ થનારા સંપૂર્ણ બજેટમાં મૂકવામાં આવશે.

## ચોથીવાર નાણાંમંત્રી અંદાજપત્ર રજુ કરશે

### આ સત્રમાં રાજ્યસભાની ચૂંટણી પણ યોજાશે : રાજકીય ઉત્તેજનાઓ વચ્ચે વિપક્ષની રણનીતિ અંગેનું મૌન : પાટનગરના રાજકીય પ્રવાહોને વધુ ઉત્તેજીત કરે છે

ગાંધીનગર, તા. ૧

૧૪મી વિધાનસભામાં રાજ્યના નાણાંમંત્રી નીતિનભાઈ પટેલ બીજીવાર લેખાનુદાન પછીનું પોતાની સરકારનું આખુ બજેટ રજુ કરશે. રાજ્યમાં નવી સરકારની પછી તેમણે લેખાનુદાન રજુ કર્યુ હતુ; હવે લોકસભાની ચૂંટણી પહેલા તેઓએ લેખાનુદાન રજુ કર્યુ હતુ. રાજ્ય વિધાનસભાના સત્રના પ્રથમ દિવસે જ તેઓ અંદાજપત્ર રજુ કરવાના છે. આ વખતે આમ તો બજેટમાં કોઈ ખાસ મોટી જાહેરાતો ટાળવામાં આવશે પરંતુ રાજ્યની આર્થિક સ્થિતિને સંભાળવા માટે કેવા પગલાં લે છે તેના પર સૌની નજર મંડાયેલી છે. રાજ્ય સરકાર બિન કરપાત્ર આવકો વધારવા માટે કેવા પગલાં લે છે તેમજ કેન્દ્રમાંથી કેટલો વધુ હિસ્સો મેળવે છે તેનુ પ્રતિબિંબ પણ આજના બજેટમાં પડશે. રાજ્યના નાણાંમંત્રીશ્રી દ્વારા છેલ્લા એક સપ્તાહથી વિવિધ વિભાગો સાથે બેઠકોનો દોર ચલાવવામાં આવી રહ્યો છે. નાણાંમંત્રીશ્રી દ્વારા રજુ થનાર બજેટ ઉપરાંત વિધાનસભાના આ સત્રમાં નવ જેટલા સરકારી વિધયેકો આવવાના છે. સરકારે નાણાંકીય કામકાજને વધુ મહત્વ આ સત્રમાં આપ્યુ છે. અંદાજપત્ર પરની વિભાગવાર ચર્ચા માટે ૧૨ દિવસ ફાળવ્યા છે. આ ઉપરાંત અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા માટે પણ દિવસો ફાળવ્યા છે. આ સત્ર દરમ્યાન રાજ્યસભાની ખાલી પડેલી બે બેઠકોની ચૂંટણી માટે મતદાન પણ થવાનું છે.

આ સત્રમાં વિપક્ષ પ્રજાના પ્રશ્નોને કેટલીક અસરકારકતા સાથે રજુ કરે છે તેના પર પણ સૌની નજર મંડાયેલી છે. ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં જે રીતે વરસાદ ખેંચાયો છે તેને કારણે ઉભી થયેલી સ્થિતિને લઈ તેમજ ગ્રામીણ વિસ્તારમાં પાણીજન્ય રોગચાળાની સ્થિતિ ઉપરાંત નીતિ આયોગે તાજેતરમાં આરોગ્ય સેવાઓને લઈ આપેલા અહેવાલ પછી વિપક્ષ કેવી તડાપીટ બોલાવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે. આ સત્ર દરમ્યાન આમ તો રાજકીય નવાજુની થવાના સંકેતો પણ મળી રહ્યા છે જે રાજ્યસભાની ચૂંટણી પછી આકાર લેશે તેમ મનાઈ રહ્યુ છે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પણ કેટલાક મહત્વના નિર્ણયોની જાહેરાત આ સત્ર દરમ્યાન કરવામાં આવે તેવી શક્યતાઓ છે. એકંદરે વિધાનસભાનું આ સત્ર રાજકીય ઉત્તેજનાઓથી ભરપૂર ઉપરાંત વિપક્ષનો આક્રમક મૂડ છે કે કેમ તે મહત્વનો પુરવાર થશે. લોકસભાની ચૂંટણીમાં વિપક્ષને મળેલ ભારે પછડાટને પગલે વિપક્ષે હજુ સુધી તેની રણનીતિને લઈ કોઈ જ કાર્ડ ખોલ્યા નથી.



અદ્દભૂત અવકાશી નજારો - વાતાવરણમાં સૌમ્યતા અને વાસ્તવિકતામાં ઉકળાય અનુભવાતો હોવા છતાં પ્રાકૃતિક વૈભવ માણવાની અનેરી મજા છે... શહેરના આકાશમાં સોમવારની સાંજે અનોખો નજારો સર્જાયો હતો... આખુ આકાશ આસમાની હોય અને સફેદ વાદળોથી વિવિધ આકૃતિઓ નિર્માણ પામતી હોય એ જોવાથી અને માણવાથી અંતરને ટાઢક આપે છે... જાણે આકાશમાં 'રૂ'માંથી વિવિધ આકારો નિર્માણ પામ્યા હોય એમ વાદળોની ગોઠવણી જોવા મળી હતી.... પરમ તત્વની કલાકૃતિઓને માણવા અને સમજવા રોજની રઝળપાટમાંથી સમય કાઢી નિહાળવાનું ક્યારેક આકાશ તરફ મીટ માંડીએ....

## શહેરમાં વિવિધ કક્ષાના જોખમી સરકારી આવાસો ખાલી કરાવવા માટે અભિયાન

ગાંધીનગર તા ૧

શહેરમાં મોટાભાગના આવાસો રહેણાંકની દ્રષ્ટીએ જોખમી હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો તબક્કાવાર તોડવામાં આવી રહ્યા છે. જયારે નવા આવાસો બાંધવા માટે ઝડપથી જગ્યા ખુલ્લી થાય તે માટે પણ જુના અને જોખમી મકાનોનો કડુસલો કરવામાં આવી રહ્યો છે. બીજીતરફ જોખમી મકનો પણ ખાલી કરી દેવા માટે તંત્ર દ્વારા રહીશોને નોટીસ આપી દેવામાં આવી છે. જુના અને જોખમી આવાસો ખાલી કરાવવા માટે તંત્રની ટીમ કામે લાગી છે.

શહેરમાં સરકારી આવસો જોખમી અને કંગાળ હાલતમાં છે.શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના રહેણાંકને લાયક ન હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. એકબાજુ જુના અને કંગાળ સરકારી આવાસો તોડવાનુ કામ ચાલી રહ્યુ છે. શહેરમાં વિવિધ કક્ષાના સરકારી આવાસો તોડવા માટે કામગીરી ચાલી રહી છે. તબક્કાવાર હાથ ધરાયેલા સર્વેના અંતે ભયજનક મકાનોને અલગ કેટેગરીમાં જુદા તારવી આવાસો તોડવા માટે પણ વિભાગ કક્ષાએથી

### જુના અને કંગાળ આવાસો તબક્કાવાર તોડવા માટે આવાસો ખાલી કરવા માટે રહીશોને નોટીસ

મંજુરી આપવામાં આવી રહી છે. શહેરમાં જુના અને જોખમી આવાસો તોડીને નવા આવાસો બાંધવા માટે પણ કામ હાથ ધરાયુ છે. શહેરમાં સે-૭ , સે-૨૯ અને સે-૩૦ માં નવા આવાસો તૈયાર કરી દેવાયા છે. જયારે સે-૭ અને સે-૨૯ માં વસવાટ પણ શરૂ કરી દેવાયો છે. આ ઉપરાંત સે-૬માં પણ નવી આવાસ યોજના તૈયાર કરવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જેને અનુલક્ષી સે-૬ માં હાલ જુના અને જોખમી બ્લોક તોડવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત શહેરના મોટાભાગના સેકટરોમાં જોખમી આવાસોની યાદી તૈયાર કરી આવાસો તોડવા માટે પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. સરકારી આવાસો તોડવા માટે હાલ વર્ષોથી મકાનોમાં રહેણાંક ધરાવતા કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનોને મકાન ખાલી કરી દેવા માટે તંત્ર દ્વારા નોટીસ પણ આપી દેવામાં આવી છે. આ દરમિયાન વૈકલ્પિક વ્યવસ્થાને ધ્યાને લઈ મકાનો ખાલી કરાવવા માટે પણ ટીમ કામે લાગી છે. પરંતુ કેટલાક કિસ્સામાં રહીશો ઝડપથી મકાનો ખાલી કરાવવા માટે રસ ન દાખવતા તંત્ર માટે આ કામગીરી શિરદર્દ સમાન બની છે. શહેરમાં એકબાજુ જુના આવાસો ભયજનક હોવાનુ ધ્યાને આવ્યા બાદ રહેણાંકને લાયક મકાનોની સંખ્યા ઘટી છે. આવા સંજોગોમાં સરકારી ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ દિનપ્રતિદિન મોટી થતી જાય છે. ત્યારે સરકારી મકાનોના અભાવે આવાસ ફાળવવાનુ કામ પણ તંત્ર માટે મુશ્કેલ બન્યુ છે.

## મનપાની પેટા-ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ

### પ્રથમ દિવસે ૩ ફોર્મ ગયા પણ કોઈએ ઉમેદવારી કરી નહિ : ભાજપ ૪થીએ ઉમેદવાર જાહેર કરશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગર પાલિકાની વોર્ડ નં. ૩ની પેટા-ચૂંટણી અંગેનું આજે જાહેરનામુ પ્રસિદ્ધ થયુ છે. આ સાથે આજથી ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થયો છે.

આજે પ્રથમ દિવસે આ પેટા-ચૂંટણી માટે એક પણ ઉમેદવારી પત્ર રજુ થયુ નથી. જોકે આજે ત્રણ જેટલા ઉમેદવારી પત્રકો ઉમેદવારી કરવા માગતા ઈચ્છુકો લઈ ગયાનું જાણવા મળેલ છે.

૬ જુલાઈ સુધી ઉમેદવારીપત્રો ભરી શકાશે. કોંગ્રેસ પક્ષ દ્વારા ઉમેદવારની જાહેરાત થઈ ગઈ છે પણ રથયાત્રા પછી તે ઉમેદવારી નોંધાવશે તેમ કોંગ્રેસના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

બીજી તરફ આજે ભાજપની પ્રદેશ નેતાગીરીએ વોર્ડની પેટા-ચૂંટણી અંગે બપોરે કમલમ્ કોબા ખાતે બેઠક બોલાવી હતી અને તેમાં સંકલનના નેતાઓ હાજર રહ્યા હતા.

વોર્ડની રાજકીય સ્થિતિ અને દાવેદાર ઉમેદવારોને લઈ પ્રાથમિક ચર્ચાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે અને ૪થીએ સાંજ સુધીમાં ઉમેદવારની પસંદગી અંગેની જાહેરાત થશે તેમ મનાઈ રહ્યુ છે.

મનપામાં પહેલી પેટા ચૂંટણી હોવાથી રાજકીય ઉત્તેનાઓ વધુ જોવા મળી રહી છે.



લીલી ખજૂર - વર્ષાઋતુનું અણમોલ ફળ એટલે લીલી ખજૂર... આજકાલ શહેરમાં પીળી અને લાલ ખજૂર ઠેર ઠેર જોવા મળે છે... આરોગ્ય શાસ્ત્રમાં પણ હિમોગ્લોબીન માટે લીલી ખજૂરનું મહત્વ ખૂબ ગણાવાયું છે... સાથોસાથ પૌષ્ટિક અને રોગપ્રતિકારક શક્તિમાં વૃદ્ધિ કરતું નાનકડુ ફળ લોકભોગ્ય બનતું જાય છે...

## રથયાત્રા દરમિયાન વૃક્ષ વાવો પર્યાવરણ બચાવોનો અભિગમ અપનાવાશે

### રથયાત્રાના રૂટમાં ભાવિકોને વિવિધ રોપાઓનુ પણ વિતરણ કરાશે

ગાંધીનગર તા ૧

ભગવાન જગન્નાથજીની ૩૫ મી રથયાત્રાને અનુલક્ષી આખરી તૈયારીઓ ચાલી રહી છે. જયારે રથયાત્રાને હવે માત્ર બે દિવસ જ આડા રહ્યા હોવાથી ભાવિકોનો ઉત્સાહ પણ બેવડાયો છે. સેકટરોમાં ઠેર ઠેર રથયાત્રાના ભવ્ય સ્વાગત માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જયારે રથયાત્રા દરમિયાન સમાજ ઉપયોગી સંદેશા સાથે અનેક ટેબલો પણ જોડાશે. આ દરમિયાન ભાવિકોને રોપાઓનુ વિતરણ પણ કરવામાં આવશે.

ભગવાન જગન્નાથજીની રથયાત્રાને અનુલક્ષી ભાવિકોમાં અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જય રણછોડ માખણચોરના જયઘોષ સાથે તા ૪ જુલાઈના રોજ ભગવાનની રથયાત્રા સે-૨૨ સ્થિત પંચદેવ મંદિરથી પ્રસ્થાન થશે. રથયાત્રામાં હથી ઘોડા અને બેન્ડવાજા સહીત ૭૫ જેટલા વાહનો પણ જોડાશે. રથયાત્રામાં ઘોડેસવાર યુવાનો પણ કરતબ બતાવી આકર્ષણનુ કેન્દ્ર બનશે. રથયાત્રામાં ભજન મંડળી સહીત નગરની અનેકવિધ સંસ્થાઓ પણ જોડાશે. રથયાત્રા દરમિયાન સમાજ ઉપયાગી સંદેશો પાઠવવા પણ પ્રયાસ કરાશે. આ ઉપરાંત રથયાત્રા દરમિયાન ગત વર્ષની જેમ આ વર્ષે પણ ભાવિકોને હરિયાળા રોપાઓનુ વિતરણ કરાશે. રથયાત્રાના રૂટમાં ગત વર્ષ દરમિયાન પણ રોપાઓનુ વિતરણ કરાયુ હતુ. જયારે આ વર્ષે પણ વનતંત્રના સહયોગથી હરિયાળા રોપાઓનુ વિતરણ કરી ગ્રીન ગાંધીનગરના કન્સેપ્ટને વેગ આપવા પ્રયાસ કરાશે. શહેરમાં વિકાસના અનેકવિધ આયામો વચ્ચે વૃક્ષોની કટોતી વિશેષ થઈ રહી છે. હરિયાળીનો સોથ વળતા પ્રકૃતિ પ્રેમીઓમાં પણ રોષની લાગણી વ્યાપી છે. હાલ ચિલોડા સરખેજ રૂટના માર્ગને અપગ્રેડ કરવાની યોજના અન્વયે પણ પુરજોશમાં કામ ચાલી રહ્યુ છે. ત્યારે આ રૂટમાં મોટી સંખ્યામાં વૃક્ષોની કટોતી થતા આંદોલનની રાહે લડત આપવાનુ પણ આરંભી દેવાયુ છે. આવા સંજોગોમાં શહેરના સેકટરોમાં વધુ રોપાઓની વાવણી થાય અને ગાંધીનગર સાચા અર્થમાં ગ્રીનસીટી બને તેવા આશય સાથે રથયાત્રા દરમિયાન સેકટરોમાં દર્શનાર્થે આવાતા ભાવિકોને રોપાઓનુ વિતરણ કરાશે. હાલ વરસાદી દિવસો ચાલી રહ્યા છે. ત્યારે વનતંત્ર દ્વારા રોપાઓની વાવણી પણ કરવામાં આવી રહી છે. બીજીતરફ રથયાત્રા દરમિયાન પણ રોપાઓનુ વિતરણ કરવામાં આવશે.

## આવતીકાલથી અમિત શાહ ગુજરાતના પ્રવાસે

### ચોથીએ જગન્નાથ મંદિરમાં મંગળા આરતી કરશે : ભાજપને પ્રચંડ સફળતા અપાવ્યા બાદ પ્રથમવાર ગુજરાત પહોંચશે : સ્વાગત માટેની તૈયારી : ઓવરબ્રિજનું લોકાર્પણ

અમદાવાદ,તા.૧

ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષ જીતુ વાઘાણીએ ભાજપા પ્રદેશ કાર્યાલય ''શ્રી કમલમ'' ખાતે ઈલેકટ્રોનિક મીડિયાના મિત્રોને સંબોધતા જણાવ્યુ હતુ કે, ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ તેમજ કેન્દ્રના ગૃહમંત્રી તથા ગાંધીનગરના લોકસભાના સાંસદ અમિત શાહ દેશભરમાં ભાજપાને ૩૦૩ બેઠકો પર ભવ્ય વિજય અપાવી પ્રથમવાર ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે ત્યારે તેમના ભવ્ય સ્વાગત માટે

● અનુસંધાન પાન-૭ પર

M.V.C. No. 1018/2016

**IN THE COURT OF M.A.C.T. NO. V, VIJAYPUR AT : VIJAYPUR**

1. Sri. Milanbhai Chappalgaon & Others ...Petitioners

V/s,

2. Sri. Milanbai Halpati and another ...Respondents

**To**

The Respondent No.–1 : Sri Milanbhai Halpati S/o Dahaya Halpati,

The Respondent No.–2 : Sri Sandipkumar S/o. Bhikhubai Halpati,

Both are : R/s, Naroli Dist : Dadra & Nagar Haveli, Gujarat State – 396235

**NOTICE U/O RULE 20 (1) (A) OF C.P.C.**

Where as the petitioners above named has filed an application as M.V.C. No. 1018/2016 on the file of the M.A.C.T. No. – V, Hijaypur claiming compensation for the Deathe of Ramesh S/o. Bhimappa Chappalgaon in the motor vehicle accident on 13-11-2015 at about 06.45 p.m. On in front of H.P. Petrol Pump on Sarigam Tar Road, at Naroli Village, within the limits of Silvasa Police Station of Union Territory Dadra & Nagar Haveli P.S. Cr. No. 224/2015 in which a Motor Cycle beating No. DN/09/G/3139 was involved. You are the owner of Motor Cycle and your presence is necessary before the Hon'ble Court to answer the claim petition. Hence, you are hereby directed to appear before this Hon'ble Tribunal on 30-7-2019 at 10-00 a.m. failing which the above said claim petition will be heard and determined ex-parte

Given under my hand and seal of the Court this 25-6-2019 day of 2019

seal of the Court

Sd/-
(I.S. Ghali)
Advocate for the Petitioners

By order of the Court
Sd/-
Sheristedar
M.A.C.T. No.V, Vijaypur

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com